# કુમારિ-શિક્ષા

પ્રકાશક.

પ્રહ્લાદજી વૈજનાથજી દવે.

અને

ગૌરીશંકર જયે. ગૌતમી.

કીંમત રૂ. ૦—૦—૬

શ્રી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

# પ્રસ્તાવના.

સંસારના સર્વ સુખનો આધાર મુખ્ય ત્વે કરીને સ્ત્રી ઉપર છે. સુલક્ષણી પત્નીથી સુખકર અને કુલક્ષણી સ્ત્રીથી દુઃખ કર વસ્તુ દુનિયામાં એકે નથી. તેમજ સત્યભાષણી, સરળ પ્રકૃતિની અને અંતઃકરણથી પ્રેમ કરનારી સુશીળ સ્ત્રીથી પુરૂષને શોભાવનારો બીજો કયો સુંદર હાર છે? પણ એજ સ્ત્રી જો દુરાચારી હોય તો સર્વ સુખનો નાશ થય છે. વિગેરે જીજ્ઞાસા અમારામાં મનમાં ઉત્પન્ન થવાથી આ લઘુ લેખનો જન્મ થયો છે. તો આશા રાખીએ છીએ કે તેનો લાભ સ્વદેશી વિદ્વજનો લેઇ ઉપકૃત કરશે. એજ.

# કુમાર શિક્ષા.

## શાર્દુલ વિક્રીડિત છંદ.

ગૌરી પુત્ર ગણેશ ભકત ભરતા માંગલ્ય કર્તા સદા,
વિશ્વાધાર કૃપાળ શ્રેષ્ટ વરદા વિઘ્નારિ બુદ્ધિ પ્રદા;
દુંદાળા દુખભંજના ભય હરિ ધારી દયાઓ પતિ,
દેજે સુમતિ નાથ હાથ ધરી તું આવ્યે થવાનીગતિ. ૧

## મંદાક્રાંતા છંદ.

સ્વામિ સેવા તન મન ધરી રીજમાં રહી, કરે છે
સ્વામીથી જે અળગિ નવ રહે કુળ લજ્જા ધરે છે
ખીજે છે જો નિજ પતિ કદી રોષ તેનો ન દીલે,
નારી એવી ત્રણ કુળતણી હોડિ સંસાર ચીલે.

## શાર્દુલ વિક્રીડિત છંદ.

જુગારી વ્યભિચારી ભારિ કુમતિ ગંજેર્ઠ ઘણો ર
ખાવાખાખ મળે ન રંચ ઘરમાં ભિજાભિજ છે પાપણો;

મુકી નેષ્ટ કલંક શીર અસહ્યાં પીડે પ્રિયાને અતી
તોયે જે નિજનાથને ન દુભવે સાચી કહું તે સતિ. ૧
વિના વાંક રિસે દમે નિશદિને ક્રોધાંધ મહાપાતકી,
રોગી દુર્વ્યસનની રૂપે હિણુ કરે ચોરોની જે માલકી;
વેષ્યા સંગતમાં મદોન્મત અને વાંકી સદાયે ગતિ,
તોયે જે નિજનાથને ન દુભવે સાચી કહું તે સતિ.૨,

ઢાળ,

એક અનૂપમ શીખામણ ખરી,
સમજી લેજોરે સઘળી સુંદરી;

ત્રુટક.

સુંદરી સેજે હૃદય ર્હેજે,
પરસંગે નવ બેસિયે;
ચિત્તથકી ચુકી લાજ મૂકી,
પર મંદિર નવ પેસિયે;
બહુ ઘેર હિંડે નારી નિર્લજ,
શાસ્ત્રે પણ તજવી કહી.
જેમ પ્રેત દ્રષ્ટે પડયું ભોજન,
જમવું પણ જુગતું નહીં;

ઢાળ.

પરશુ મસ નવ બોલીયે,
દંત દેખાડીરે ગુંઝ નહિંરે ખોલિયે;

ત્રુટક.

ગુંઝ ધરનો પરની આગળ,
કહો કેમ પ્રકાશીયે;
વળી વાત જે વિપરીત ભાખે,
તેથી દૂરે નાશીયે;
અસુર સવારે અને ગોચર,
એકલાં નવ જાઇરે;
સહસાત કારે કામ કરતાં,
રહેજ શીળ ગમાઇયે;

ઢાળ.

નટ વિટનર શુરેનયણુ ન જોડીયે,
મારગ જાતાંરે આખું ઓઢીયે;

ત્રુટક

આખું ઓઢીયે વાત કરતાં,
પણુંજા રૂડાં શોભિયે;

સાસૂ અને માતા જણ્યા વિણુ,
પલક પાસ ન બોલીયે;
સુખ દુઃખ સરજ્યું પામીયે.
પણ કુળાચાર ન મુકીયે;
પરવશે વસતા પ્રાણ તોપણ.
શીળથી નવ મુકીયે;

ઢાળ.

વ્યસનીની સાથેરે, વાત ન કીજીએ,
હાથો હાથેરે, તાળી ન લીજીએ;

ત્રુટક.

તાળિ ન લીજે નજર ન દીજે,
ચંચળ ચાલે ન ચાલીએ;
વિષય બુદ્ધે વસ્તુ કેની.
હાથે પણ નવ ઝાલીયે,
કોટી કંદર્પ રૂપ સુંદર,
પુરૂષ પેખી ન મોહીયે;
તણખલાને ગણો તોલે.
દૃષ્ટિ પાછી નવ જોઇયે.

ઢાળ.

પુરૂષ પરાયોરે, વળી ન વખાણીયે.
વૃદ્ધ તે પીતા સરીખો જાણીયે.

ત્રુટક.

જાણીએ પીયુ વિણ પુરૂષ સઘળા,
સહોદર સમો વડે;
પ્રતિવ્રતાનો ધર્મ જોતાં:
નાવે કોઇ તડો વડે.
કુરૂપ કુષ્ટી કુબડોને,
દુષ્ટ દુર્બલ નીર્ગુણો;
ભરથાર પામી ભામની તમે,
ઈંદ્રથી અદકો ગણો.

ઢાળ.

અમર કુમારે રે, તજિ સુર સુંદરી,
પવન કુમારેરે અંજની પરિહરી;

ત્રુટક.

પરી હરી સીતા ત્રમે વનમાં,
નળે દમયંતી વળી:
મહા સતી નીરમળ ૭૦૮ ૧૦,

શિળથી તે નવ ચળી.
કસોટીએ જેમ સુવર્ણુ કસતા,
કંથ શુ વિછડે તહી!
તનમન વચને સત્ય રાખે,
સતી તે જાણો સહી.

## ઢાળ.

રૂપ દેખાડીરે પુરૂષ ન ચાહીયે,
નિર્લજ થઇનેરે મન ન બીગાડીયે.

## ત્રુટક.

મન ન બીગાડીએ પુરૂષ પરનું,
જોગ જોતાં નવ મળે;
કલંક માથે ચડે કુંડાં,
સગાં સહુ દુર ટળે.
અણુ સરજ્યો ઉચાટ થાયે,
પ્રાણુ તિહાં લાગી રહે;
આ લોક પામે આપદા,
પરલોકે બહુ પીડા સહે.

ઢાળ.

રામને રૂપેરે સુપર્ણખા મોહી,
કામ ન સિધ્ધ્યું અને ઇજત ખોઇ.

ત્રુટક.

ઇજત ખોઇ દેખિ અભયા,
શેઠ સુદર્શન નવ ચળયો;
ભરથાર આગળ પડી ભુંઠી'
અપવાદ સઘળે ઉછળ્યો.
કામની બુધ્ધે કામની એ,
વંક ચુલી વાહયો ઘણું;
પણ શીળથી ચુકયો નહી,
દષ્ટાંત એમ કહેતાં બણું.

ઢાળ.

શીળ પ્રભાવેરે, જુવો સોળે સતી,
ત્રિભુવન માંહી તે થઇ છતી;

ત્રુટક.

છતી થઇ જે શીળ રાખ્યું,
કલ્પના, લીધી નહી;

તે નામ તેહનાં જગત જાણે,
વિશ્વમાં ઉગી રહી.
વિવિધ રત્ને જડીત ભૂષણ,
રૂપ સુંદર કિન્નરી;
પણ શાળ વિણ શોભે નહીં,
તે સત્ય ગણજો સુંદરી.

ઢાળ.

શીળે સુરનર સઉ સેવા કરે,
નવે વાડું રે નિશ્ચળ જે ધરે.

ત્રુટક.

ધરે નિર્મળ શીળ ઉજવળ,
તાસ કિરતી જગ હળે;
મન કામના તે સિદ્ધિ પામે,
અષ્ટ ભય દુરે ટળે.
ધન્ય ધન્ય તે જાણો ધરા
જ્યાં શિયળ ચોખું આદરે;
આનંદ તે ઓધ પામે,
ઉદય રત્ન જગ વિસ્તરે.

બુ—ડી.

# ગરબી.

" ગોકુળીએ લેઇ ચાલોરે,
ઓધવરાજ અમને એ " રાગ."
ભણીને ઉચ્ચાંકુળ દાખોરે,
આર્યની નારગરવી;
નામ તણું નીર રાખોરે,
આર્યની નાર ગરવી. એ ટેક;
ગારગી સરસ્વતીના સમ પ્રીતે,
જ્ઞાન સુધારસ ચાખોરે: આર્યની. ૧
સીતા શકુંતલા નળ વનિતાસમ,
સંકટમાં વટ રાખોરે, આર્યની. ૨
પૂર્વની રજપુત સ્ત્રી સમ પેહેરો,
અદ્‌ભૂત કર્મની પાંખોરે; આર્યની. ૩
કાળ અમુલ્ય ન વ્યર્થ ગુમાવો,
કલ્પીત કોડને ત્યાગોરે; આર્યની. ૪
ક્ષુદ્રવિશય થકી મનને ખસેડી,
રાખો ઉંચા અભીલાખોરે; આર્યની. ૫
અંતર ઘરને સંસ્કાર સુધારો,

એહ ઉપર દ્રઢ લાગોરે; આર્યની. ૬
ઉધમ ખંત અભ્યાસથી ટાળો,
ન્હાની એ બુદ્ધનો સાખોરે; આર્યની. ૭
બ્હેની યુરોપની આકણુ સરખી,
પૂર્વે હતી જરા ઝાંખોરે, આર્યની. ૮
સોવાઇમાં સુધરી થઈ લખતી,
અંથો ઉંચા ભણી લાખ્ખોરે: આર્યની. ૯
પા સદ્દી વહી ગઇ આપણે ભણતાં,
ઉંઘ થકી ઝટ જાગોરે; આર્યની. ૧૦
પશ્ચિમ સખી સમ મેળવો હકને,
એવો સમય હવે માગોરે; આર્યની. ૧૧
કહે સવિતા શુભ કર્મથી કહાડો,
લાગેલા દુષણુનો ડાઘોરે; આર્યની. ૧૨

( ઉ. હિ. )

( નાથ કેસો ગજકો બંધ છુડાયો. એ રાહ

સ્ત્રી જન કેમ ભુલો ધર્મ તમારો
નથી જગમાં એ વિના આરો. સ્ત્રી જન
વેદશાસ્ત્ર પુરાણની મધ્યે,
પ્રકાશી જે રહયો સારો
હરિહર બ્રહ્મા દેવ બધાએ,
કરતા વખાણ હજારો. સ્ત્રી જન. ૧
પ્રતીવ્રતવાળી બાળી સ્ત્રીને,
વિબુધ નમી દે ઉતારો;
રક્ષણ તેનું કરવા દાસ થઇ,
ઝુમ્યા રહે એ ધારો સ્ત્રી જન ૨
પતિવ્રત વાળી નારી રૂપાળી,
જાણો સુખ પેટારો;
દુર્ગુણી નિશ્ચય અતિશે ભયંકર,
દુઃખ અગ્ની અંગારો. સ્ત્રી જન ૩
શીખી ધર્મ શીખવી અન્યને,
માર્ગ તજાવો નઠારો
પતિવ્રત સમ નથી દૈવત બીજું,
ઉરે ઉમંગ વધારો સ્ત્રી જન ૪

સજી પતી સેવા સરસ ઘરેણું,
શરીર સુંદરતા વધારો;
ભોગમ કીર્તિ વીમળ પ્રસારી,
આન કુસ્રીનુ ઉતારો  સ્રી જન ૫
તપ વ્રત તીર્થ કરે નથી સિદ્ધી,
શાસ્ત્ર વચન એ વિચારો,
સદ્ગતી સ્રીને સ્વામી સેવાથી,
નિશ્ચય એ છે અમારો.  સ્રી જન ૬
સર્વ કામના જેથી પુરાએ,
તેને તમે ન વિસારો;
ભાવ ભલો અંતર ધરી સેવો,
કો દીકરો ન અકારો.  સ્રી જન ૭
જુઓ ચરીત્ર વિચીત્ર સતીનાં,
અદ્ભુત સર્વ વિહારો;
અંગ રૂવાંટાં થાયે ઉભાંએ,
માર્ગ વિશેષે ન્યારો.  સ્રી જન ૮
સતિ વ્હંદાના પતીવ્રત બળથી,
સ્વામિ જેનો ભયકારો;
હણાતાં તેને શિવ બહુ હાર્યા

અચરત એ શું ન ધારો. સ્ત્રી જન ૯
ભાગ્યું પતિવૃત હરીએ કપટથી,
ત્યાં સુધી અસુર નહારો,
મુવા નહી બહુ શસ્ત્ર પ્રહારે,
પતિવ્રત બળએ વિચારો. સ્ત્રી જન ૧૦
જેના કુળમાં સ્વામિ ભકત છે,
સ્ત્રી ગુણી કુળ તરૂ કયારો;
વિપત પછી શી તેને જગમાં,
શો સુખનોય ઉધારો સ્ત્રી જન ૧૧
દાસીપણે સંતોષો સદાયે,
દુર તજી વિષય વિકારો;
તનમનથી કરવી પતી સેવા,
ધર્મ પર્મ એ તમારો. સ્ત્રી જન ૧૨
સ્ત્રી. ધ. પ્ર.

# " મંજુલા "

એક આર્ય અબળાનું સતિત્ર સાચવવામાં દેખાઇ આવેલું ઝનુન. વિશ્વાસઘાતનાં મા-ઠાં પરિણામ, તથા નિમક હલાલીનેકારીથી રાજ્યની રહેલી આબાદી વિગેરે અનેક રસો-થી ભરપુર સુંદિર ગ્લેજ કાગળો ઉપર છપાએલ એક મનહર ઐતિહાસીક નોવેલ, ચાનકરૂ અને બોધ કારક છે ભાષાના રંગીન નમુના-ઓ તથા તરેહવાર અલંકારોથી ભરપુર છે સંગીન રાગ રાગણીમાં જોડાએલાં ગાયનોનું એક પ્રદર્શન છે. કિંમત અગાઉથી ગ્રાહક થનારા પાસે રૂ. ૦-૪-૦ પોષ્ટેજ માફ પાછળથી રૂ. ૦-૬-૦ પોષ્ટેજ જુદું.

નીચેને સરનામે નામ નોંધાવો.

**પ્રહ્લાદજી વૈજનાથજી દવે,**

**મુ. રૂપાલ તાલુકા કલોલ**